તે વ્યક્તિ ધિક્કારપાત્ર છે, જે પોતાની સ્ત્રી સાથે તેના પાછળના ગુપ્તાંગથી સમાગમ કરે

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તે વ્યક્તિ ધિક્કારપાત્ર છે, જે પોતાની સ્ત્રી સાથે તેના પાછળના ગુપ્તાંગથી સમાગમ કરે».
[હસન] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહ અને ઈમામ નસાઇ રહિમહુલ્લાહએ પોતાની સુનનુલ્ કુબ્રામાં રિવાયત કરી છે અને ઈમામ અહમદ રહિમહુલ્લાહએ પણ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ તે વ્યક્તિને સખત ચેતના આપી છે, જે પોતાની સ્ત્રી સાથે તેના પાછળના ગુપ્તાંગમાં સંભોગ કરે, અને આ એવું ખરાબ કૃત્ય છે, જેના પરિણામે માનવી અલ્લાહની દયાથી દૂર થઈ જાય છે, જે તે વાતનો પુરાવો છે, આ મોટા ગુનાહો માંથી (મહાપાપ) છે, અર્થાત્ મુસલમાનો માટે આમ કરવું જાઈઝ નથી.

http://www.sunnah.global/hadeeth/gu/show/58090